

## અનામત અંગે શિહોરી ખાતે બ્રહ્મસમાજ દ્વારા રેલી યોજાઈ

તાલુકાના મુખ્યમથક શિહોરી ખાતે બ્રહ્મસમાજ દ્વારા અનામત અંગે રેલી કાઢવામાં આવી હતી. જેમાં બ્રહ્મસમાજના આગેવાનોની મુખ્ય માંગણી અનામતનો લાભ આપો અને બ્રાહ્મણ આર્થિક વિકાસ નિગમની રચના કરો હતી. આનંદવાડી ખાતેથી નીકળેલી રેલીનું શિહોરી મામલતદાર કચેરી ખાતે સમાપન થયું હતું. બ્રહ્મ સમાજ દ્વારા શિહોરી મામલતદારને આવેનદપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. **(તસવીર : આશારામ રાવલ, શિહોરી)**

# લિંભોઈ શિવશક્તિ મંડળ દ્વારા બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ

ઈસરી, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામના શિવશક્તિ મંડળ દ્વારા મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી પાદર-મહુડી આદર્શ પ્રાથમિક શાળાના બાળકોને અભ્યાસ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામલોકોએ શિવશક્તિ મંડળની સેવાકિય પ્રવૃત્તિને બિરદાવી હતી.

મોડાસા તાલુકાના લિંભોઈ ગામના શિવશક્તિ મંડળ દ્વારા મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી પાદર-મહુડી આદર્શ પ્રાથમિક શાળાના ૯૦ થી વધારે વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી તેવી અભ્યાસ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પાદર-મહુડી ગામના અને આ શાળાના પૂર્વ આચાર્ય બદાકાકા મનાત અને તેમના શિક્ષિકા પત્નિ ગંગાબેન દ્વારા પાદર-મહુડી પ્રા. શાળાના બાળકોને અભ્યાસકામમાં રૂચી કેળવાય અને પ્રેરણા પ્રાપ્ત થાય અને આદીવાસી વિસ્તારના બાળકોને ભણવામાં આર્થીક મદદ પણ મળી રહે તેવા ઉમદા હેતુથી આ બન્ને શિક્ષક દંપતિ દ્વારા વિવિધ સેવાકિય સંસ્થાઓની સ્કૂલની મુલાકાત આપવા માટે નિયંત્રણ આપવામાં આવે છે.



આ અભ્યાસકીટ વિતરણના કાર્યક્રમમાં સરસ્વતિ બાલમંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષીએ બાળકોને રમુજી વાતો દ્વારા બાળકોને અભ્યાસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિવશક્તિ મંડળના સભ્યો અશોકભાઈ ત્રિવેદી, મારૂતિ વિકાસ મંડળના ઉસ્માનગની બાયડીયા, હાફીઝખાન પઠાણ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત સ્કૂલના આચાર્ય બાબુભાઈએ કર્યું હતું. આભારવિધિ શાળાના શિક્ષિકાબહેન પિનલ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

## દાઉદ પાકિસ્તાન અને દુબઈમાં ફરી રહ્યો છે : ગૃહમંત્રી હરિભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૩

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાનમાં જ રહેતો હોવાનો અને દુબઈ તથા પાકિસ્તાનમાં અવર-જવર કરતો હોવાનું કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ પાલનપુરના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું.

આવતીકાલ ભારત અને પાકિસ્તાન બન્ને દેશો વચ્ચે દાઉદ ઈબ્રાહીમ મામલે મહત્વપૂર્ણ બેઠક યોજાશે. જેની પૂર્વ સંધ્યાએ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ભારતના દુશ્મન દાઉદ ઈબ્રાહીમ પાસે અનેક દેશોના પાસપોર્ટ છે અને તે પાકિસ્તાનમાં જ છે અને તેને પરત ભારત લાવવા જરૂરી પુરાવા એકત્ર કરી પાકિસ્તાનને સોંપી દાઉદને ભારતમાં પકડી લવાશે.

# પ્રાંતિજ ગોપીનાથ સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટીમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા. અને એક મકાનને નિશાન બનાવી અંદર પ્રવેશ કરી રોકડ રકમ લઈ પલાયન થઈ જતા મકાન માલિક દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચ રોડ ગોપીનાથ સોસાયટીમાં રહેતા ભાવસાર રાકેશભાઈ ત્રિકમભાઈ કે જેવો દશામાં ના વ્રત ચાલતા હોવાથી પ્રાંતિજ તાલુકાના વાઘપુર ખાતે આવેલ તેમના બીજા ઘરે ગયા હતા અને તે દરમ્યાન રાત્રીના સમયે પ્રાંતિજ ખાતે આવેલ ગોપીનાથ સોસાયટીમાં તેમના બંધ મકાનના મેન દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કરી માલસામાન વેરવિખેર કરી દઈ તિજોરીમાં મુકેલ ૨૨ હજાર રૂપિયા લઈ રફુચક્કર થઈ ગયા હતા. જ્યારે સવારના સમયે પાડોશીને ખબર પડતા તેવોએ રાકેશભાઈને ફોન કરતા તેવો તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતા. જ્યારે ઘરમાં વેરવિખેર સામાન પડેલો જોઈ તેઓએ અંદર બીજા રૂમમાં તપાસ કરતાં તિજોરીમાં મુકેલ ૨૨ હજાર રૂપિયા અંદર મલી ના આવતા ભાવસાર રાકેશભાઈ ત્રિકમભાઈ દ્વારા પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





## પાલનપુર સિવિલમાં હિમોડાયાલીસીસ સેવા શરૂ

પાલનપુર શહેરમાં સ્થિત જનરલ હોસ્પિટલમાં કીડનીની બિમારીમાં જરૂરી હિમોડાયાલીસીસ સેવા શરૂ કરવામાં આવી છે. જેનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ કર્યું હતું. પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લામાં કીડનીની બિમારીથી પિડાતા દર્દીઓને જરૂરી અને આધુનિક સારવાર મળી રહે તે માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં હિમોડાયાલીસીસ સેન્ટરનું ત્રણ વર્ષ અગાઉ તત્કાલિન સિવિલ સર્જન ડૉ. એસ.એન. પટેલે ઉદ્‌ઘાટન કર્યું હતું. બાદમાં ઘણા લાંબા સમય સુધી આ સેન્ટર બંધ રહેતા આજે પુનઃ પ્રજાના પ્રતિનિધિના હસ્તે લોકાર્પણ કરાયું હતું. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

## પ્રાંતિજ ખાતે આવેલ દશામાં મંદિરમાં સમુહ આરતી યોજાઈ

### સમુહ આરતીમાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા : અન્નકુટ દર્શન માટે પણ માઈ ભક્તોનો ધસારો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ દશામાના મંદિર ખાતે અષ્ટમીની સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ તથા આજુબાજુમાંથી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં સમુહ આરતીમાં જોડાયા હતા. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠથી માલકેડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ શ્રી દશામાના મંદિર ખાતે આવેલ વિશાળ ચોકમાં દશામાંના વ્રતને લઈ અષ્ટમીને શુક્રવારના રોજ મંદિર વ્યવસ્થા સ્થાપક મંડળ દ્વારા રાત્રીના ૯.૩૦ કલાકે મા દશામાની સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માઈભક્તો મોટી સંખ્યામાં સમૂહ આરતીમાં જોડાયા હતા. જ્યારે શનિવારના રોજ સાંજે અન્નકુટ ભરવામાં આવ્યો હતો. જે ૨૩મી સાંજ સુધી દર્શનનો લાભ લેવા દર્શનાર્થીઓ માટે ખુલ્લો રહેશે. જ્યારે ૨૪મી આઠમ, નોમ, દશમ સુધી રાત્રે મંદિરના વિશાળ ચોકમાં ત્રણ દિવસ માટે ૯ થી ૧૨ ગરબાનું પણ આયોજન કરેલ છે તેવું મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા જણાવવામાં આવ્યું છે.





## કનાઈ સ્કૂલમાં અરવલ્લી જીલ્લાની સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ

મોડાસા કેળવણી મંડળ સંચાલીત મોડાસાની કનાઈ સી.બી.એસ.ઈ. સ્કૂલમાં જીલ્લાની યુ-૧૧, ૧૪, ૧૭, ૧૯ કક્ષાની સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ જેમાં અરવલ્લી જીલ્લાનાં બાળકોએ હોંશભેર ભાગ લીધેલ તેમાં સમગ્ર જિલ્લાની સ્કૂલોના બાળકોએ અનુક્રમે મેદાન મારેલ. આ પ્રસંગે મોડાસા કેળવણી મંડળના પ્રમુખશ્રી બીપીનભાઈ આર. શાહ ઉપ પ્રમુખ કનુભાઈ સી. શાહ, મંત્રીશ્રી કે.એમ. શાહ તેમજ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી કુનંદનસીંહ રાઠોડ હાજર રહી આવેલ બાળકોને તેમજ સમગ્ર ટૂર્નામેન્ટના ઈન્ચાર્જ શ્રી દેવેન્દ્રભાઈ લેઉઆને અભિનંદન પાઠવ્યા હતા. (તસવીર : જય અમીન, મોડાસા)

# મોડાસાના રિદ્ધિ-સિદ્ધિ વિનાયક મંદિર પાસે ઠલવાતી ગંદકીથી ભક્તો ત્રાહિમામ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં શામળાજી રોડ પર આવેલા ડિપ વિસ્તારમાં ગણપતિદાદાના મંદિરની બાજુની ખુલ્લી જગ્યામાં મંદિરની આસપાસ દુકાનદારો દ્વારા દુકાનનો કચરો ઠલવાતા મોટા પ્રમાણમાં ગંદકી થાય છે. વરસાદી પાણીથી ગંદકીમાં વધારો થતા મંદિરે આવતા દર્શનાર્થીઓમાં ભારે રોષ ફેલાયો છે. ભક્તજનો દ્વારા ગંદકી ફેલાવતા દુકાનદારો સામે નગરપાલિકા દ્વારા દંડનીય કાર્યવાહિ કરવા માંગ કરી છે.

મોડાસા શહેરમાં ડિપ વિસ્તારમાં આવેલા અતિ પ્રાચીન મંદિર અને વિઘ્નહર્તા ગણપતિદાદાનું રિદ્ધિ-સિદ્ધિ વિનાયક મંદિર આવેલું છે. શ્રાવણ માસ દરમિયાન



શ્રદ્ધાળુઓ ગણપતિદાદાના દર્શન કરવા મંદિરે આવે છે. પરંતુ ગંદકીના કારણે દર્શનાર્થીઓને સ્વચ્છ વાતાવરણના બદલે આજુબાજુમાં કાદવ-કિચડ અને ગંદકીથી માથુ ફાડી નાખતી વાસથી તોબા પોકારી ઉઠ્યા છે. મંદિરની આજુબાજુમાં આવેલા દુકાનદારો અને ડિપ વિસ્તારમાં ખાણીપીણીની લારીઓવાળા ઉપરાંત ફ્રુટની લારીઓવાળા મંદિરની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં કચરો ઠલવાય છે. જેના લીધે માખી, મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. મંદિરે આવતા દર્શનાર્થીઓ દ્વારા મોડાસા-નગરપાલિકાતંત્ર દ્વારા સાફ-સફાઈ કરીને દવાનો છંટકાવ કરવામાં આવે અને આ ખુલ્લી જગ્યામાં કચરો ઠાલવી શહેર અને મંદિરના આજુબાજુના વિસ્તારમાં ગંદકી ફેલાવતા દુકાનદારો અને ઈસમોની સામે યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહિ કરવામાં આવે તેવી ગણપતિદાદાના ભક્તજનોમાં માંગ ઉગ્ર બની છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

# ખેડબ્રહ્મામાંથી ચોરાયેલ કારની આખરે એક માસ પછી ફરીયાદ નોંધાઈ

## લાંચીયા પીએસઆઈ તથા પોલીસ કોન્સ્ટેબલને પકડવામાં પોલીસના હવાતીયા

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસેથી ગત ૨૧ જુલાઈના રોજ ચોરાયેલી રેમોલ્ટ ડસ્ટર કારની ફરીયાદ નોંધવામાં લાંચ લેવામાં ખેડબ્રહ્મા પીએસઆઈ તથા પોલીસ કોન્સ્ટેબલનો વચેટીયા ઝડપાયા બાદ એક માસના સમય પછી આખરે કાર ચોરીની ફરીયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુરૂવારના રોજ નોંધાવા પામી છે. આ લાંચ પ્રકરણમાં સંડોવાયેલા ભાગેડુ પીએસઆઈ અને પોલીસ કોન્સ્ટેબલને પકડવામાં પોલીસ હવાતીયા મારી રહી છે.

વડાલી તાલુકાના બાવસરકંપાના રહીશ અને વડાગામ ક્વોરી વ્યવસાય સાથે સંકળાયેલા પ્રફુલભાઈ ભુપેન્દ્રભાઈ પટેલની રેનોલ્ટ ડસ્ટર કાર નંબર જીજે-૧૮-બીબી-૯૭૦૪ ખેડબ્રહ્મા લક્ષ્મીપુરા ચાર રસ્તા નજીકના કલીનીક પાસેથી ૨૧ જુલાઈના રોજ ચોરાયેલ હતી. આ કાર ચોરીની ફરીયાદ નોંધાવવા પ્રફુલભાઈ પટેલે ખેડબ્રહ્મા પોપીસ સ્ટેશનના પગથીયા ઘસી નાખ્યા હતા. પણ પીએસઆઈ એલ.પી. બોડાણાએ ફરીયાદ નોંધવાને બદલે પીએસઆઈના લાન્ચકેસની પતાવટ કરનાર વચેટીયા વડાલીના પ્રદ્યુમનસિંહ ઉર્ફે ગટુબાપુ નરેન્દ્રસિંહ ચંપાવત પાસે મોકલી દીધા હતા અને ગટુબાપુએ પીએસઆઈ બોડાણા તથા પોલીસ કોન્સ્ટેબલના વચેટીયા તરીકે બે લાખની માંગણી કરી રૂ. એક લાખ લેતાં એસીબીના હાથે ઝડપાઈ ગયો હતો.





હિંમતનગરના હેરીટેજ પાર્ટી પ્લોટમાં રવિવારે શંખેશ્વર પાશ્વનાથ ભગવાનના નિર્વાણ કલ્યાણ તથા આચાર્ય સંજય મુનિજી મહારાજ સાહેબના લબ્ધિજ્ઞાન સાધના દિવસ તેમજ સ્વાસ્થ્ય મુક્તિ કાયાની સ્તુતિ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેનું મહત્ત્વ સમજાવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાગ્યશાળી ભાઈઓ અને બહેનોએ લાભ લીધો હતો. આચાર્ય સંજય મુનિજીએ તમામ લાભ લેનાર ભાઈઓ અને બહેનોને આશીર્વાદ આપ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા)

## નવલપુર અને ધાણધા પાસે અકસ્માતમાં ત્રણના મોત

હિંમતનગરથી ઈડર જતા સ્ટેટ હાઈવે પર આવેલ ધાણધા પાસે શુક્રવારે બપોરે આઈશર અને એક્ટીવા વચ્ચે અકસ્માત થતાં વિરપુરમાં હોટલ ચલાવતા વેપારીનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. તે જ પ્રમાણે હિંમતનગર તાલુકાના રાયગઢ પાસે આવેલા નવલપુર ગામ નજીક ગુરુવારે રાત્રે એક કાર અજાણ્યા વાહન પાછળ ઘૂસી જતા કારમાં બેઠેલા ચાર પૈકી બેના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા.

શુક્રવારે બપોરના સુમારે વિરપુર ગામે જે. કે. ફ્રાય સેન્ટરના નામે હોટલ ચલાવતા અસલમભાઈ મોહમદભાઈ બેલીફ (ઉ.૨૫) એક્ટીવા નં. જીજે-૯-સીપી-૧૧૬ લઈને હિંમતનગરથી વિરપુર જઈ રહ્યા હતા. દરમિયાન ઈડરથી હિંમતનગર આવતી આઈશર નં. ૧૫ સી. કે. ૧૩૫૮ના ચાલકે એક્ટીવા સવારને ટક્કર મારી હતી. જેથી ગંભીર રીતે ઘવાયેલા અસલમભાઈનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જે અંગે એ-ડીવીઝન પોલીસે ઘટના સ્થળે જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અકસ્માતની બીજી ઘટનાની વિગત એવી છે કે ગુરુવારે રાત્રે રાયગઢ પાસેના નેશનલ હાઈવે નં. ૮ પરથી કાર નં. જીજે-૭-બી.એન.-૪૨૫૦માં બેસી ખેડા જિલ્લાના માતર તાલુકાના રંગવાણજ ગામના કૃષ્ણકાંતસિંહ હેમરાજસિંહ રાઠોડ (ઉ.૧૪), ગિરીશભાઈ અંબાલાલ પટેલ (ઉ.૪૦) તથા માતરના દર્શનકુમાર ઉર્ફે દત્તુભાઈ રમેશભાઈ પરમાર (ઉ.૩૦) અને દિપેન અરવિંદભાઈ દલવાડી (ઉ.૩૫) રાજસ્થાનથી પરત ઘરે આવી રહ્યા હતા. દરમિયાન તેમની કાર નવલપુર પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક કારની આગળ જતા અજાણ્યા વાહનના પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. જેના કારણે કારમાં બેઠેલા કૃષ્ણકાંતસિંહ રાઠોડ અને દર્શનકુમાર પરમારનું ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે દિપેન દલવાડી અને ગિરીશભાઈ પટેલને ઈજા થતાં ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં વલઈ જવાયા હતા.

# વિસનગર પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો વિજાપુર તમાકુ માર્કેટયાર્ડ ખાતે યોજાયો

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લાના આઠમા તબક્કાનો અંતિમ વિસનગર પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો વિજાપુર માર્કેટ યાર્ડ ખાતે યોજવામાં આવ્યો હતો. વિજાપુર અને વિસનગર તાલુકાના ૧૪૧૭ લાભાર્થીઓને ૮૧.૩૧ લાખની વિવિધ સાધન સહાય આપવામાં આવી હતી. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે આવાસ યોજનાઓ, સ્વાવલંબન યોજનાઓ, સાધન સહાય યોજનાઓમાં વિસનગર શહેરી અને ગ્રામ્ય કક્ષાના ૫૮૧ લાભાર્થીઓને ૩૪.૦૯ લાખની અને વિજાપુર શહેરી અને ગ્રામ્ય કક્ષાના ૩૩૬ લાભાર્થીઓને ૪૭.૨૨ લાખની વિવિધ સહાય મેળા દરમિયાન આપવામાં આવી હતી.

અગાઉના સાત ગરીબ કલ્યાણ મેળામાં વિજાપુર તાલુકાના ૨૧૧૭૯ લાભાર્થીઓને ૪૮૫૬.૮૨ લાખ અને વિસનગર તાલુકાના ૩૪૦૩ લાભાર્થીઓને ૬૧૧૩.૮૦ લાખની વિવિધ સાધન સહાય આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત મંત્રીશ્રી મહાનુભાવો અને ઉપસ્થિત જનમેદનીએ સ્વચ્છતાના શપથ લીધા હતા. કન્યા કેળવણી નિધિ કાર્યક્રમ અંતર્ગત વિજાપુર કોન્ટ્રાક્ટર એસોસિએશન તરફથી ૧૧ હજાર અને વિસનગર કોન્ટ્રાક્ટર એસોસિએશન તરફથી ૧૧ હજારનો ચેક મંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.




કાર્યક્રમમાં ઉપસ્થિત આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજના ગરીબ વર્ગોને સરકારની સાધન-સહાય, સખત ઉદ્યમ અને વિવિધ સ્વરોજગારલક્ષી પ્રવૃત્તિઓ કરી ગરીબીની વૈતરણી પાર પાડી દારિદ્રના કલંકમાંથી બહાર આવી સમૃદ્ધ અને સમતોલ ગુજરાતના નિર્માણ માટે કટિબદ્ધ બનવા અપીલ કરી હતી. રાજ્ય સરકારે છેલ્લા સાત વર્ષથી ગરીબોના કલ્યાણ માટેનો સેવાયજ્ઞ ઉપાડી ગરીબોના હક્કના નાણાં કોઈપણ જાતના વચેટિયા દલાલો વગર સીધે સીધા તેમના હાથમાં પહોંચાડ્યા છે.